# આસપાસ ચોપાસ

# ધાર્મિક સ્થળો આસ્થાની સાથે સાથે ગામલોકોને એકબીજા સાથે જોડતા આત્મીયતાના સેતુ સમાન છે

# સિંગલાવ









**પૌરાણિક પાંચ શિવલિંગવાળું વૈધનાથ મહાદેવ પરિસરમાં મહાદેવ વાડીનું નિર્માણ**

સીંગલાવ ગામ તેની શાંતિ, સહઅસ્તિત્વ અને ભાઈચારાની ભાવનાને કારણે આસપાસના વિસ્તારમાં વિશેષ ઓળખ ધરાવે છે. ગામમાં વિવિધ વિસ્તારોમાં મંદિર સહિત અનેક ધર્મસંસ્થાઓ આવેલ છે, જ્યાં લોકો પોતાની પરંપરા અને શ્રદ્ધા મુજબ આરાધના કરે છે. આ ધાર્મિક સ્થળો માત્ર ઉપાસનાના કેન્દ્ર નથી, પરંતુ ગામલોકોને એકબીજા સાથે જોડતી આત્મીય કડી છે.સિગલાવ ગામમાં દરેક ધર્મના તહેવારો પરંપરાગત રીતે અને ખુશીના માહોલમાં ઉજવવામાં આવે છે. નવરાત્રી, હોળી, ધુળેટી, જન્માષ્ટમી, રામનવમી જેવા પર્વો પણ ઉમંગ અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવે છે.ખાસ વાત એ છે કે આ તમામ તહેવાર પરસ્પર સન્માન અને હર્ષોલ્લાસ સાથે ઉજવાય છે. ગામના ભાગોળ વિસ્તારમાં આવેલ ભગવાન શ્રીરામનું પૌરાણિક મંદિર ગામની વિશેષ ઓળખ બની ગયું છે. ધાર્મિક સ્થાનકો સૌ ગ્રામજનો માટે આત્મીયતા કેળવે છે. સાંજના સમયે મંદિરની આરતી વખતે વાગતી ઝાલરોનો મધુર રણકાર ગામના વાતાવરણને ખૂબ જ આધ્યાત્મિક રીતે તરબોળ બનાવી દે છે. આ દૃશ્ય ગામની સહિષ્ણુતા અને

**ગામની મધ્યમાં આવેલા રામજી મંદિરની શિખર સાથેની ઉંચાઈ 51 ફૂટ છે**

ધાર્મિક સમરસતાનું જીવંત ચિત્ર રજૂ કરે છે. ગામની સૌથી મોટી વિશેષતા તેની એકતા અને સમરસતા છે. સુખ-દુ:ખમાં, તહેવારોમાં અને સામાજિક પ્રસંગોમાં ગામના તમામ લોકો સાથે મળીને ઉભા રહે છે. અહીં અતિ પૌરાણિક પાંચ શિવલિંગ વાળું વૈધનાથ મહાદેવ પણ છે, જેનો જીર્ણોદ્ધાર ગામ લોકો દ્વારા કરી આ જગ્યાને મહાદેવ વાડી તરીકે પરિવર્તન કરવામાં આવેલ છે. આ ગામ એટલે મંદિરોનું ગામ કહેવાય. ગામમાં પ્રવેશતા જ ‘બળિયાદેવ મહારાજનું’ મંદિર, ‘મહાકાળી માતાનું’ મંદિર, ‘રામદેવપીરનું’ મંદિર તથા ખોડિયાર માતા અને વેરાઈ માતાનું મંદિર છે. વળી ગામની મધ્યમાં રામજી મંદિર આવેલું છે. જેની શિખર સાથેની ઉંચાઈ 51 ફૂટ છે. ગામમાં મસાણી માતાનું મંદિર, ખારામાતાનું મંદિર તથા વહાણવટી માતાના મંદિરો આવેલા છે તથા બીજા નાના મોટા અનેક મંદિરો છે.

# બાળકોનું કૌશલ્ય વિકસે તે માટે શાળા ખાતે અવનવા કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે




**સિંગલાવ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ગૌરવશાળી કારકિર્દી**

સ્વ. છગનભાઈ દ્વારકાદાસ પટેલ ગામના પ્રથમ ઈજનેર બન્યા હતા તેઓએ ચારૂતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગરમાં ચીફ ઈજનેરની સેવા આપી હતી. જયંતિભાઈ છોટાભાઈ પટેલ વાઈસ પ્રેસિડેન્ટ, એલીકોન ઈન્જીનયરીંગ, વિદ્યાનગરમાં સેવા આપી હતી તથા હાલ પણ તેઓ દેશ વિદેશમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે. મીતુલભાઈ જશભાઈ ગોહેલ G.J.F.C.માં ફરજ બજાવે છે. સ્વ. રામસિંહ મહિડાએ Dy.S.P. તરીકેની સેવાઓ બજાવેલ છે.

સિંગલાવ ગામની ભાગોળ વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કાર્ય ઉપરાંત બાળકના સર્વાંગી વિકાસ માટે શિક્ષણેત્તર પ્રવૃત્તિઓનું તબક્કાવાર-પ્રસંગાનુસાર કરવામાં આવે છે. પ્રત્યેક બાળક અનન્ય વ્યક્તિત્વ ધરાવે છે. અને પ્રત્યેક વ્યક્તિત્વની પોતીકી શક્તિ હોય છે, આ શક્તિઓ આંતરિક હોય છે. કેળવણીનું કાર્ય આ શક્તિઓને બહાર કાઢવાનું છે. આ ઉમદા ધ્યેય પૂર્ણ કરવા-સિદ્ધ કરવા જુદી જુદી સમિતિઓ દ્વારા જુદીજુદી પ્રવૃત્તિઓ થાય છે. શાળાકીય સમિતિઓ બનાવવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણ ઘર આંગણે જ મેળવ્યા બાદ આગળ વધું ઉચ્ચ અભ્યાસ કરીને ઉજ્જવળ ભવિષ્ય બનાવ્યું છે. બાળકોમાં શૈક્ષણિક અભ્યાસ સાથે અન્ય કૌશલ્ય વિકાસ પામી શકે તે માટે શાળામાં વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે. સિંગલાવ ગામ આમ તો પ્રાથમિક સુવિધાઓ માટે હજુ પણ સંઘર્ષ કરી રહ્યું છે. પરંતુ પ્રાથમિક શિક્ષણ માટે ગામમાં જ ધોરણ 1થી 8 સુધી સુવિધા ઉપલબ્ધ છે. બાળકોને સ્થાનિક ગામમાં જ પાયાના શિક્ષણનો લાભ મળે તે માટે સરકારી પ્રાથમિક શાળા કાર્યરત છે.

શાળામાં નિયમિત પણે શિક્ષકો પોતાની ફરજ બજાવીને બાળકોની શૈક્ષણિક કારકિર્દી ઉત્તમ બને તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. પ્રાથમિક શાળાનુ મકાન પણ નવું બનાવવામાં આવ્યું છે. શાળા ખાતે જ બાળકોને પીવાના પાણીની, મધ્યાહન ભોજન સહિતનો લાભ મળે છે. શાળા ખાતે વિવિધ પ્રવૃતિઓ અને ઉજવણી થકી બાળકોનું કૌશલ્ય વિકસે તે માટે અવનવા કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે. શાળા ખાતે એસ એમ સી સમિતિ પણ કાર્યરત છે. જે શાળામાં વિકાસકાર્યો અને શૈક્ષણિક કાર્યો બાબતે સજાગતા રાખે છે.




સ્વ .બળવંતરાય મહેતા આંતર જિલ્લા પંચાયત ક્રિકેટ ટુર્નામેન્ટ જામનગર મુકામે આણંદ જિલ્લા પંચાયત ક્રિકેટ ટીમ રનર્સ અપ બની હતી. જેમાં સિંગલાવ પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક ચૈતન્યભાઈ ભાવસારને સમગ્ર રાજ્યમાંથી આવેલ ક્રિકેટ ટીમોમાંથી બેસ્ટ ફિલ્ડરનો એવોર્ડ મળ્યો હતો.

# ગ્રામ પંચાયતના શાસન હેઠળ ગામના સર્વાંગી વિકાસ માટે સરકારી યોજનાઓનો પૂરતો લાભ લેવાઈ રહ્યો છે









(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)

સિંગલાવ ગામ છેલ્લા કેટલાક વર્ષોથી સતત વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે. ગામના લોકપ્રતિનિધિઓ આગોતરા આયોજન સાથે સક્રિય રીતે જવાબદારી સંભાળી રહ્યા હોવાથી ગ્રામજનોને જરૂરી પ્રાથમિક સુવિધાઓ સમયસર ઉપલબ્ધ થતી રહી છે. ગ્રામ પંચાયતના શાસન હેઠળ ગામના સર્વાંગી વિકાસ માટે સરકારી યોજનાઓનો પૂરતો લાભ લેવાઈ રહ્યો છે. ગામમાં મોટી આર્થિક સમૃદ્ધિ ન હોવાના કારણે વિકાસ કાર્યો માટે મુખ્યત્વે સરકારી ગ્રાન્ટ પર નિર્ભર રહેવું પડે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતા અને આયોજનશક્તિના કારણે ગામમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. ગામમાં આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ, તેમજ ખુલ્લા ચોગાનમાં બ્લોક પાથરવાની કામગીરી કરવામાં આવી છે, જેના કારણે આવન-જાવન સરળ બન્યું છે. ગામમાં વોટર વર્ક્સ વ્યવસ્થા કાર્યરત હોવાથી પીવાના પાણીની સગવડ ઉપલબ્ધ છે. સાથે સાથે વીજળીની સુવિધા પણ સુચારૂ રીતે મળી રહે છે. ગ્રામજનો સ્વચ્છતા અંગે ખૂબ જ સજાગ છે અને ગામને સ્વચ્છ રાખવા માટે સૌ કોઈ પોતાની જવાબદારી નિભાવે છે. ગામમાં નાનું પરંતુ સુવ્યવસ્થિત બજાર છે, જ્યાં જીવનજરૂરિયાતની લગભગ બધી વસ્તુઓ સરળતાથી મળી રહે છે. ખેતી ગામના મુખ્ય આધારરૂપ વ્યવસાય તરીકે મજબૂત બની છે અને ગ્રામજનોની આવકમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. ગામના વિકાસમાં મહિલાઓની ભૂમિકા પણ ખૂબ જ મહત્વપૂર્ણ બની છે. ગામમાં સખી મંડળો અને સ્વ સહાય જૂથો રચવામાં આવ્યા છે, જેના માધ્યમથી મહિલાઓ દૈનિક આવકમાંથી બચત કરી શકે છે. આ મંડળો દ્વારા મહિલાઓના નાના-મોટા કામો સરળતાથી પૂર્ણ થાય છે. આ સારા ઉદ્દેશ્યને કારણે ગામની મોટાભાગની મહિલાઓ સ્વ સહાય જૂથો સાથે જોડાઈને આર્થિક ઉત્કર્ષ તરફ આગળ વધી રહી છે. ગામ વસ્તીની દ્રષ્ટીએ સામાન્ય હોવા છતાં, ગામના અગ્રણીઓ અને લોકપ્રતિનિધિઓની દિર્ઘદૃષ્ટિ અને એકતાના કારણે ગામમાં આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે.

**ગ્રામ પંચાયતના સુકાનીઓ**

**સરપંચ :** નિરેનકુમાર અંબાલાલ પટેલ **ડે. સરપંચ :** દીનેશભાઈ ડાહ્યાભાઈ ગોહિલ, **સભ્યો :** હિરલબેન જીતેન્દ્રભાઈ પટેલ, ગોવિંદભાઈ ઉદેસિંહ ગોહેલ, મીનાબેન પારેખ, મીનાબેન અર્જુનભાઈ ગોહેલ, ભરતભાઈ સામંતભાઈ ગોહેલ, હિનાબેન કમલેશભાઈ ગોહેલ, ચીમનભાઈ જેઠાભાઈ વણકર,

**ભૂતપૂર્વ સરપંચ :**
બાબુભાઈ ચતુરભાઈ પટેલ, કનુભાઈ અંબાલાલ પટેલ, પ્રમુખભાઈ અંબાલાલ પટેલ, હર્ષદભાઈ અંબાલાલ પટેલ, ડાહ્યાભાઈ અંબાલાલ પટેલ, ડાહ્યાભાઈ અંબાલાલ પટેલ, ચંપાબેન ચતુરભાઈ ગોહિલ,



# સહકારી દૂધ મંડળી ગામલોકોના જીવનમાં આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે

**સિંગલાવ દૂધ ઉત્પાદક મંડળી છેલ્લા 69 વર્ષથી આર્થિક સમૃદ્ધિનો મુખ્ય આધાર છે**

સિંગલાવના ગામલોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે, પરંતુ ખેતીની સાથે સાથે પશુપાલનને પણ મહત્વપૂર્ણ પૂરક વ્યવસાય તરીકે અપનાવવામાં આવ્યો છે. ગાય અને ભેંસ જેવા દુધાળા પ્રાણીઓનું પાલન કરીને કમાણી માટે દૂધ ઉત્પાદન કરવામાં આવે છે. ઘણા બધા પરિવારો ગાય-ભેંસનો ઉછેર પાલન પોષણ કરે છે. નિયમિત સંભાળ અને મહેનતના પરિણામે ગુણવત્તાયુક્ત દૂધનું ઉત્પાદન થાય છે. આ દૂધ ગામલોકો સહકારી ભાવનાથી એકત્ર થઈ સહકારી દૂધ ઉત્પાદક મંડળીમાં દૂધ જમા કરાવે છે.

ગામની સહકારી દૂધ મંડળી ગામના તમામ પશુપાલકો માટે વિશ્વાસપાત્ર સંસ્થા બની છે. અહીં સવાર અને સાંજ એમ બે વખત દૂધ એકત્ર કરવામાં આવે છે. એકત્ર થયેલું દૂધ પછી જિલ્લાની પ્રખ્યાત અમૂલ ડેરીમાં જમા કરાવવામાં આવે છે. આ વ્યવસ્થાથી પશુપાલકોને યોગ્ય ભાવ મળે છે. જેથી નિયમિત આવક મેળવી રહ્યા છે. પશુપાલન દ્વારા મળતી આવકથી ગામલોકો પોતાનો જીવનનિર્વાહ સરળતાથી કરી શકે છે. સાથે સાથે લગ્ન, તહેવાર, ધાર્મિક કાર્યક્રમો જેવા સામાજિક પ્રસંગો પણ આ આવકના આધાર પર સુચારૂ રીતે સંપન્ન થાય છે. સહકારી દૂધ મંડળી ગામના આર્થિક સ્થિરતાનું મહત્વનું સાધન બની છે. ગામની સહકારી દૂધ મંડળી ગામલોકોના જીવનમાં આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે. ગામમાં ઈ.સ. ૧૯૫૭ થી સિંગલાવ દૂધ ઉત્પાદક મંડળીની શરૂઆત કરવામાં આવેલ છે. સિંગલાવ દુધ ઉપ્તાદક મંડળી ચેરમેન તરીકે શંભુભાઈ પરસોત્તમભાઈ પટેલ જ્યારે વા. ચેરમેન તરીકે સુનીલ ભગુભાઈ રબારી જવાબદારી સંભાળે છે. આ ઉપરાંત દુધ મંડળીના સેક્રેટરી તરીકે વિનુભાઈ ભીમસિંહભાઈ ગોહેલ કાર્યરત છે.